# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫



**કમિશનર સહિતના અધિકારીઓ પર ચાર્જફ્રેમની તૈયારી કર્યા બાદ નવો વળાંક આવ્યો : ‘કોર્ટનો સમય બરબાદ ન કરો’**

## નડિયાદમાં દુકાનો તોડતાં કોર્ટે મનપાનો ઉધડો લીધો

**વેપારીઓને ફાળવેલા** પતરાના શેડમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાના પુરાવા રજૂ થતા કોર્ટ લાલઘૂમ

**સુનાવણી** દરમિયાન પૌત્રએ કરેલી અરજીની બાબત સામે આવતા નવો વળાંક

(પ્રતિનિધિ) નડિયાદ, તા.24

નડિયાદના સરદાર ભુવન કોમ્પ્લેક્સના વેપારીઓની દુકાનો રાતોરાત તોડી પાડ્યા બાદ વૈકલ્પિક વ્યવસ્થા તરીકે અપાયેલા પતરાના શેડમાં અસુવિધાઓના મુદ્દે આજે ગુજરાત હાઈકોર્ટમાં ઉગ્ર સુનાવણી હાથ ધરાઈ હતી. હાઈકોર્ટે મહાનગરપાલિકાની કામગીરી સામે સખત નારાજગી વ્યક્ત કરતા કમિશનર અને બે ડેપ્યુટી કમિશનરો પર ચાર્જફ્રેમ કરવા સુધીની તૈયારી બતાવી હતી. જોકે, સુનાવણીના અંતિમ તબક્કે અરજી કરનાર વ્યક્તિ મૂળ ભાડુઆતના પૌત્ર હોવાનું સામે આવતા આ કેસમાં નવો વળાંક આવ્યો છે અને કોર્ટે રજીસ્ટ્રી વિભાગ પાસે અહેવાલ માંગ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા સોમવારે મોડી સાંજે સરદાર ભુવનના વેપારીઓને ડ્રો દ્વારા કશીભાઈ પાર્ક પાસે પતરાના શેડ ફાળવવાની નોટિસ આપી હતી. ત્યારબાદ મંગળવારે સવારે જેસીબી સાથે ત્રાટકીને આખું કોમ્પ્લેક્સ જમીનદોસ્ત કરી દેવાયું હતું. આ કાર્યવાહી સામે વેપારીઓએ અગાઉના કોર્ટના હુકમની



અવમાનના થઈ હોવાનું જણાવી કન્ટેમ્પ્ટ પિટિશન દાખલ કરી હતી. બુધવારે સવારે યોજાયેલી પ્રથમ તબક્કાની સુનાવણીમાં કોર્ટે મનપાના વકીલની બચાવ દલીલો ફગાવી દીધી હતી. મનપાએ દાવો કર્યો હતો કે તમામ સુવિધાઓ અપાયા બાદ જ કબજો સોંપાયો છે, જેના જવાબમાં કોર્ટે ટકોર કરી હતી કે જો બધું જ યોગ્ય હોત તો વેપારીઓએ કોર્ટમાં આવવું પડ્યું ન હોત.

બપોર પછીની સુનાવણીમાં વેપારીઓ તરફથી ફોટોગ્રાફ્સ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં શેડ



નાના હોવાને કારણે સામાન પણ ન સમાતો હોવાનું અને ફાયર, પાણી તેમજ ગટર જેવી પાયાની સુવિધાઓનો અભાવ હોવાનું સાબિત થયું હતું. આ બાબતે કોર્ટે મનપા કમિશનર ગુણવંતસિંહ સોલંકી, ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદળ અને આનંદ ઉકાણી સામે આકરા વલણ સાથે પૂછ્યું હતું કે તમારી સામે ચાર્જ કેમ ન ફ્રેમ કરવો? જોકે, આ દરમિયાન પીટિશનરની ઓળખ અંગે પ્રશ્ન ઉભો થયો હતો. જેમાં જાણવા મળ્યું હતું કે મૂળ વેપારીના મૃત્યુ બાદ તેમના પૌત્રએ આ અરજી કરી છે. હાઈકોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે જે પક્ષકારનો દુકાન સાથે સીધો સંબંધ ન હોય તેમની અરજી કઈ રીતે સ્વીકારવામાં આવી? હાલ આ મામલે રજીસ્ટ્રી વિભાગનો ખુલાસો માંગવામાં આવ્યો છે.

### સુવિધાના અભાવે વેપારીઓની હાલત કફોડી



મહાનગરપાલિકા દ્વારા કાશીભાઈ પાર્ક પાસે ઉભા કરવામાં આવેલા પતરાના શેડ માત્ર નામના જ હોવાના આક્ષેપો વેપારીઓએ કર્યા છે. કોર્ટમાં રજૂ કરાયેલા અદ્યતન ફોટોગ્રાફ્સ મુજબ, શેડની સાઈઝ એટલી નાની છે કે વેપારીઓનો ધંધાનો સામાન પણ અંદર સમાઈ શકે તેમ નથી. આ ઉપરાંત પીવાના પાણી, શૌચાલય કે ફાયર સેફ્ટી જેવી કોઈ પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

### ચાર્જફ્રેમ કરવા સુધીની કાર્યવાહીની તૈયારી

મનપાના વકીલે જણાવ્યું હતું કે, સુવિધાઓ આપવાની કામગીરી હજુ ચાલુ છે. આ સાંભળીને કોર્ટ વધુ રોષે ભરાઈ હતી અને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું હતું કે જો કામગીરી અધૂરી હતી તો કબજો કેમ સોંપાયો? આ મામલે ગંભીરતા દાખવી કોર્ટે કમિશનર અને બે ડેપ્યુટી કમિશનરને લેખિત એફિડેવિટ રજૂ કરવા આદેશ કર્યો છે અને તેમની સામે ચાર્જ કેમ ન ફ્રેમ કરવો ? તે અંગે ખુલાસો માંગ્યો હતો, જો કે, અરજદારને આ દુકાનો સાથે સીધો કોઈ સબંધ ન હોવાનું ખુલતા રજીસ્ટ્રી વિભાગ પાસે ખુલાસા સાથે રીપોર્ટ મંગાવાયો છે.

---

**નડિયાદમાં રૂટ ડાયવર્ઝન કે રસ્તા બંધ અંગે પૂર્વ જાણકારી ન અપાતા વાહનચાલકો અટવાયા**

## નડિયાદ મનપાની ઘોર બેદરકારીથી શહેરમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયાં

**ડિમોલેશન પૂર્વે** રસ્તા બંધ કરવાનું જાહેરનામું બહાર પાડવાનું ભૂલી ગયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.24

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી મોટા પાયાની ડિમોલેશન કામગીરીમાં તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. શહેરના મુખ્ય માર્ગો પર દબાણ દૂર કરવા માટે હાથ ધરાયેલા ઓપરેશન પૂર્વે રસ્તા બંધ કરવા અંગેનું જાહેરનામું બહાર પાડવાનું પાલિકા તંત્ર ભૂલી જતા અનેક વિસ્તારોમાં ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાઈ હતી. અગાઉથી જાણકારીના અભાવે વાહનચાલકો અને રાહદારીઓ કામગીરીના સ્થળે પહોંચ્યા બાદ અટવાઈ પડતાં રોષ જોવા મળ્યો હતો.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ અને અવરોધો દૂર કરવાના હેતુથી ગઈકાલે મોટા પાયા પર તોડી પાડવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે મુજબ સવારથી જ જેસીબી અને અન્ય મશીનરી સાથે તંત્ર મેદાનમાં ઉતરી પડ્યું હતું. જોકે, આ પ્રકારની કોઈ પણ મોટી કામગીરી હાથ ધરતા પહેલા જે-તે વિસ્તારના રસ્તાઓ બંધ કરવા અથવા વાહનોની



અવરજવર માટે વૈકલ્પિક રૂટ ડાયવર્ટ કરવાનું જાહેરનામું બહાર પાડવું અનિવાર્ય હોય છે. પાલિકા પ્રશાસને આ પાયાની પ્રક્રિયામાં જ મોટી ભૂલ કરી હતી અને કોઈ પણ જાતની પૂર્વ સૂચના વગર સીધી જ કામગીરી શરૂ કરી દેતા મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ડિમોલેશનને કારણે રસ્તાઓ પર કાટમાળ અને મશીનરી ગોઠવાયેલી હોવાથી રસ્તો બ્લોક થઈ ગયો હતો, છતાં બીજી તરફથી આવતા વાહનોને રોકવા માટે કોઈ આગોતરી વ્યવસ્થા ન હોવાથી ટ્રાફિકની ગંભીર સ્થિતિ પેદા થઈ હતી. ખાસ કરીને ઓફિસ જનારા લોકો અને શાળાના વિદ્યાર્થીઓને આ અંધાધૂંધીના કારણે સમયસર પહોંચવામાં ભારે મુશ્કેલી પડી હતી. તંત્ર દ્વારા શહેરના વિકાસ માટે કરવામાં આવતી કામગીરી જરૂરી હોવા છતાં, આયોજન અને સંકલનના અભાવે સામાન્ય નાગરિકોએ કલાકો સુધી હાલાકી ભોગવવી પડી હતી. આ ઘટનાએ મહાનગરપાલિકાની વહીવટી કાર્યક્ષમતા સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

---

## પેટલાદમાં ચાઈનીઝ દોરી વેચનારા પકડયા

(પ્રતિનિધિ) આણંદ, તા. 24

પેટલાદ અને વીરપુર પંથકના ત્રણ અલગ અલગ સ્થળોએ ચાઈનીઝ દોરી વેચનારા ત્રણ ગુનાખોરો પકડાયાં હતાં.

પેટલાદ ચાંગા રોડ ભાથીજી મંદિર પાસેથી મહેળાવ પોલીસે મોટર સાયકલ પર ચાઈનીઝ દોરી વેચનાર ગુનાખોર વિજયકુમાર દિનેશભાઈ તળપદા (રહે.મહેળાવ)ને રંગેહાથ પકડયો હતો. પેટલાદના ખદાળા ગામે સીમ વિસ્તારમાંથી ચાઈનીઝ દોરીનો વેપલો કરતાં મોહસીનખાન કાલુખાન પઠાણ (રહે.પેટલાદ)ને દબોચી પાડયો હતો. બોરસદ જંત્રાલ મહાદેવ ફળીયામાં અશોક વિજયભાઈ સોલંકી (રહે. જંત્રાલ)ને વિરસદ પોલીસે બાતમી હકીકતના આધારે સ્થળ પર પહોચી રેડ કરી પકડી પાડ્યો હતો. આમ, પોલીસે 3 સ્થળે દરોડા પાડી ચાઈનીઝ દોરીનો જથ્થો જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

---

### નડિયાદમાં હિન્દુ સંગઠન દ્વારા પૂતળા દહનનો કાર્યક્રમ યોજાયો



નડિયાદ બાંગ્લાદેશમાં હિન્દુ અલ્પસંખ્યકો પર સતત વધી રહેલા અમાનવીય અત્યાચાર અને હિંસાત્મક ઘટનાઓના વિરોધમાં નડિયાદ બજરંગ દળ દ્વારા આક્રોશ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. નડિયાદ ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં હિન્દુ સંગઠનોએ ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તાજેતરમાં બાંગ્લાદેશમાં હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસ પર ષડયંત્ર રચીને ઈશનિંદાના ખોટા આરોપ લગાવવામાં આવ્યા હતા. આ મનઘડત આરોપોના આધારે તેની નિર્દયતાપૂર્વક હત્યા કરવામાં આવી અને ત્યારબાદ માનવતાની તમામ હદો વટાવીને તેને જાહેરમાં લટકાવી સળગાવી દેવામાં આવ્યો હતો. આ પ્રકારની ઘટનાઓ માત્ર માનવ અધિકારો પર હુમલો નથી પરંતુ હિન્દુ સમાજને ભયભીત કરવાના ભારત વિરોધી ષડયંત્રનો એક ભાગ છે. બાંગ્લાદેશ સરકાર અલ્પસંખ્યકોની સુરક્ષા કરવામાં સંપૂર્ણ નિષ્ફળ સાબિત થઈ છે, જેના કારણે ત્યાંના હિન્દુઓ સતત હિંસાનો ભોગ બની રહ્યા છે. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

---

**બાલાસિનોરમાં દબાણકર્તાઓ પર તંત્રની તવાઇની તૈયારી**

## બાલાસિનોરમાં દબાણના મુદ્દે તંત્ર જાગ્યું, સર્વે કરાયો

**મેગા ડિમોલિશન પૂર્વે** સંયુક્ત સર્વેથી ફફડાટ ફેલાયો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.24

બાલાસિનોર શહેરમાં વર્ષોથી વકરેલી દબાણની સમસ્યાને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે જિલ્લા તંત્ર આખરે જાગ્યું છે.

બાલાસિનોરમાં દબાણની ગંભીર સ્થિતિને ધ્યાને લઈ, નાયબ કલેક્ટરની સૂચનાથી રેવન્યુ વિભાગ, નગરપાલિકા અને પોલીસના સંયુક્ત કાફલાએ મેદાનમાં ઉતરીને સઘન સર્વે હાથ ધર્યો છે. બાલાસિનોરના ઈતિહાસમાં પ્રથમવાર આવી સંયુક્ત કવાયત હાથ ધરવામાં આવી છે, જેમાં મામલતદાર, ચીફ ઓફિસર અને પોલીસ



તસવીરઃ ધર્મિષ્ઠાબા કે. ઝાલા

ઈન્સ્પેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓએ રૂબરૂ હાજર રહી દબાણોની યાદી તૈયાર કરી છે.

આ સર્વે દરમિયાન રસ્તા પર અડિંગો જમાવી બેઠેલા લારી-ગલ્લા અને પથરાણાવાળાઓને તાત્કાલિક રસ્તા ખુલ્લા કરવા કડક તાકીદ કરી છે. દુકાનદારોને પણ પોતાના ઓટલા અને છાપરા હટાવી લેવા તેમજ દુકાનની બહાર સામાન ન રાખવા ચેતવણી આપી દેવામાં આવી છે. કેટલાક નાના કાચા દબાણોને સ્થળ પર જ દૂર કરવામાં આવ્યા હતા.

બાલાસિનોરના મુખ્ય માર્ગો પર આડેધડ વાહન પાર્કિંગ અને દબાણોને કારણે ટ્રાફિકની સમસ્યાથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી હતી.

---

## રૂણજ પોસ્ટ ઓફિસમાં એન્ટ્રી વગર પૈસા ઉપાડ્યાં

**બ્રાંચ પોસ્ટ માસ્તરે** રૂ.54000-ની હંગામી ઉચાપત કરી

(પ્રતિનિધિ) સોજીત્રા તા. 24

સોજીત્રાના રૂણાજ પોસ્ટઓફિસમાં બ્રાંચ પોસ્ટ માસ્તરે રૂ.54000-ની હંગામી ઉચાપત કરી હોવાની ફરીયાદ ઉઠી હતી.જે અંગે સોજીત્રા પોલીસે ફરીયાદ નોંધી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા.08-05-2023 ના રોજ વીએન પંચાલ ઈન્સપેકટર ઓફ પોસ્ટ ઓફિસ પેટલાદને રૂણજ બ્રાંચ પોસ્ટ ઓફિસના ખાતેદારો સાથે નાણાકીય ગેરરિતી થઇ હોવાની માહિતી મળી હતી.. જેને લઇને તેઓ રૂણજ પોસ્ટ ઓફિસે બ્રાન્ચ વિઝીટમાં ગયા હતા.જયા તપાસ પડતાલ કરતા ખાતેદારોના બચતખાતામાંથી બ્રાંચ પોસ્ટ માસ્ટર રોનકકુમાર રાજુભાઇ પટેલ રહે.રાસએ ગ્રાહકોની જાણ બહાર પૈસા ઉપાડી ગેરરિતી આચરી હોવાનું જણાયુ હતુ. બ્રાંચ પોસ્ટમાસ્ટર રોનકકુમારે ચાર જેટલા ગ્રાહકોના ખાતામાંથી રૂ.54000-ની હંગામી ઉચાપત કરી હતી.અને રૂપીયા ઉપાડવા અંગેની પાસબુકમાં એન્ટ્રી કરેલ ન હતી.જો કે તેમણે હંગામી ઉંચાપત કરેલ રૂ.54000-પાછળથી સરકારી દફતરે જમા કરાવ્યા હતા..ત્યારે રૂ.54000- ની હંગામી ઉચાપત અંગે ઈન્સપેકટર ઓફ પોસ્ટ ઓફિસ જીતેન્દ્રભાઇ રમણભાઇ પ્રજાપતિએ બ્રાંચ પોસ્ટ માસ્તર રોનકકુમાર રાજુભાઇ પટેલ વિરૂધ્ધ સોજીત્રા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી. આ ઘટનાના પગલે ગામમાં ચકચાર મચી ગઈ હતી.

---

## આણંદ:ધનલક્ષ્મી પ્લાસ્ટીકમાંથી 2 ટન પ્રતિબંધિત પ્લાસ્ટીક મળ્યું

**કરમસદ - આણંદ** મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.24

કરમસદ - આણંદ નગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા સરદાર ગંજમાં દરોડો પાડી ધનલક્ષ્મી પ્લાસ્ટિકમાંથી પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કર્યું હતું. પ્રાથમિક તપાસમાં 120 માઈક્રોન કરતા પાતળું આ પ્લાસ્ટિક 2 ટન જેટલું થયું હતું. આ અંગે મનપાને કાર્યવાહી હાથ ધરી છે.





કરમસદ - આણંદ મહાનગરપાલિકાના કમિશનર મિલિંદ બાપનાના માર્ગદર્શન હેઠળ મનપાના સેનીટેશન વિભાગ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા વેપારીઓ ઉપર સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા આણંદ સરદાર ગંજ વિસ્તારમાં આવેલ ધનલક્ષ્મી પ્લાસ્ટિકમાંથી પર્યાવરણને અનુલક્ષીને પ્લાસ્ટિકની ગુણવત્તા તપાસવામાં આવી હતી. જે અન્વયે ધનલક્ષ્મી પ્લાસ્ટીક ખાતે 120 માઈક્રોન કરતાં પાતળું પ્લાસ્ટિક મળી આવ્યું હતું. કુલ 2 ટન જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટિક મળી આવતા મનપાની ટીમ દ્વારા તમામ પ્લાસ્ટિક નો જથ્થો જપ્ત કરી લેવામાં આવ્યો છે.

---

## પેટલાદ શહેરમાં 28મીથી જીજ્ઞેશ દાદાની કથા યોજાશે

**કુસુમ ફાઉન્ડેશન** દ્વારા આયોજીત શ્રીમદ ભાગવત કથા 3જી જાન્યુઆરી સુધી ચાલશે

(પ્રતિનિધિ) પેટલાદ તા.24

પેટલાદ ખાતે જોગણ પાટીયા નજીક ભાગવત ગથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જીગ્નેશ દાદા વ્યાસપીઠ પર બેસશે.

પેટલાદથી ધર્મજ તરફ જતા રાજમાર્ગ ઉપર જોગણ પાટીયા નજીક કુસુમ ફાર્મ આવેલું છે. જ્યાં 28મી ડીસેમ્બરને રવિવારથી જીજ્ઞેશદાદાની કથાનો પ્રારંભ થશે. કુસુમ ફાઉન્ડેશન (કણીયા) દ્વારા આયોજીત આ શ્રીમદ્ ભાગવત્ કથા 3જી જાન્યુઆરી 2026ને શનિવારના રોજ વિરામ લેશે.

પેટલાદ ખાતે યોજાનારી શ્રીમદ ભાગવત કથામાં 28મી ડીસેમ્બરે બપોરે બે કલાકે શહેરની રાધે ડ્રીમ સોસાયટી ખાતેથી ભવ્ય પોથીયાત્રા પ્રસ્થાન થશે. જે જોગણ સ્થિત કુસુમ ફાર્મ ખાતે પહોંચશે. બાદમાં 31મી ડીસેમ્બરના રોજ બપોરે 4 કલાકે નંદ મહોત્સવ, 2જી જાન્યુઆરીના રોજ બપોરે 4 કલાકે રૂકમણી વિવાહ વગેરે જેવા ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે. પેટલાદના આંગણે સૌપ્રથમ વખત આયોજીત જીજ્ઞેશદાદાની કથા માટે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. આશરે દસ હજાર જેટલા ભક્તો કથાનું રસપાન કરી શકે તેવી અદભૂત વ્યવસ્થા કુસુમ ફાર્મ ખાતે કરવામાં આવી રહી છે.

આ કથા સ્થળે વોલેટ પાર્કીંગ, ભક્તો માટે સુવ્યવસ્થિત બેઠક વ્યવસ્થા, ભક્તો સારી રીતે કથાનું રસપાન કરી શકે તે માટે થોડા થોડા અંતરે એલઈડી સ્ક્રીન, સાઉન્ડ સીસ્ટમ, લાઈટીંગ, વોશરૂમ, પીવાનું પાણી વગેરે જેવી તમામ સુવિધાઓ આયોજકો દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. અહીયા સાત દિવસ સુધી ચાલનાર શ્રી ભગવદ્ ગીતા સપ્તાહ કથા રોજ બપોરે 3થી સાંજે 6 સુધી ચાલશે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225